ગાંધીનગર સમાચાર
તા. ૧૦-૨-૨૦૧૪, સોમવાર

તંત્રી સ્થાનેથી....

એકવીસમી સદીમાં આવી અંધશ્રદ્ધા?

છેલ્લા દસ-બાર દિવસથી જાલંધર નજીક આશ્રમ ધરાવતા સુપ્રસિદ્ધ સંત આશુતોષ મહારાજના મૃતદેહને એમના શિષ્યોએ ડીપ ફ્રીઝરમાં શૂન્ય ડીગ્રી ઉષ્ણતાપમાનમાં રાખી મૂકેલ છે. તે બદ્યા એમ જ માની રહ્યા છે કે બાબા ઊંડી સમાધિમાં સરી ગયા છે અને ગમે તે ક્ષણે પાછા જાગશે. મૂળ બિહારના મધુબની પંથકના સંસ્કૃત શિક્ષકના પુત્ર મહેશ ઝાએ આજથી તેંતાળીસ વરસ અગાઉ ઘરના કંકાસથી ગૃહત્યાગ કર્યો હતો. માતાપિતા હતાં, પત્ની હતી, નવું જન્મેલું પુત્ર સંતાન હતું. પોતે સંસ્કૃત ઉપરાંત અંગ્રેજીનું જ્ઞાન પણ ધરાવતા હતા. એટલે વધુ સારી આજીવિકા મેળવવા પહેલાં કોલકતા અને ત્યાં દાળ ન ગળતાં દિલ્હી પહોંચી ગયા. એ પછી એમને અધ્યાત્મક્ષેત્રનું ઘેલું લાગ્યું. મહર્ષિ મહેશ યોગીના પરિચયમાં આવ્યા પછી તેમ જ શાસ્ત્રોના અધ્યયનને કારણે જાણીતા પ્રવચનકાર તરીકે નામના થઈ ગઈ. શરૂ શરૂમાં ગરીબ વસતિમાં પ્રવચનો આપતા મહેશ ઝા હવે આશુતોષ મહારાજના નવા નામે પ્રસિદ્ધિનાં સોપાનો ચડતા ગયા. આજે એમના દેશનાં સત્તર રાજ્યો સહિત પંદર દેશોમાં વૈભવી આશ્રમો છે. એમની કુલ સંપત્તિ એક હજાર કરોડ ઉપર બોલાય છે. આવા સંત મહાત્માની સંપત્તિનો વારસો મેળવવા માટે કેટલાંક હિતશત્રુઓએ કાવતરું કર્યું હોય એવી દહેશત પણ સેવાઈ રહી છે. ખુદ મહારાજશ્રીના ડ્રાઈવરે આવી શંકા વ્યક્ત કરી છે. એ જે હોય તે. પરંતુ જ્યારે ડોક્ટરોએ એમના અચેતન દેહને 'બ્રેઈન ડેડ' જાહેર કરેલ છે, જ્યારે એમના શ્વાસોચ્છ્વાસ, નાડી વગેરે બંધ છે અને શરીરનો રંગ પણ બદલાઈ ચૂક્યો છે, ત્યારે હજી પણ એમના 'નૂર મહલ' આશ્રમમાં ભક્તોનું કીડિયારું ઊભરાઈ રહ્યું છે અને મહારાજનાં મુખ્ય શિષ્યા સહિત બધા જ અનુયાયીઓ એમ જ માની રહ્યા છે કે બાપજી ઊંડી સમાધિમાં છે. એમનું કહેવું છે કે અગાઉ પણ મહારાજશ્રી આ રીતે સમાધિમાં ચાલ્યા જતા મડદું બની જતા અને પછી પાછા જાગી ઊઠતા. આ વખતે પણ એ જરૂર પુનર્જીવિત થઈ ઊઠશે. એમનો આત્મા કોઈ લાંબી સાધનામાં પરોવાયેલો હોવો જોઈએ!- એક્વીસમી સદીમાં આ પ્રકારની અંધશ્રદ્ધા પ્રવર્તે છે, તે પોતે જ ખરેખર એક આશ્ચર્ય નથી શું? અનુયાયીઓ મહારાજશ્રીના 'ચમત્કાર'ની આશામાં આંખોમાં આંસુ અને હોઠ પર પ્રાર્થના સાથે એમના પુનરુત્થાનની પ્રતીક્ષા કરી રહ્યા છે. શું ઈસુ ખ્રિસ્તની જેમ કબરમાંથી એ બેઠા થવાના છે? ઈસુ ખ્રિસ્ત પણ ખેરખર તો પુનર્જીવિત થયા હશે કે કેમ, તે કોણ જાણે! ધર્મના નામે ચાલતાં ધતિંગ અને ભોળી પ્રજાને એ રીતે છેતરીને મોટાં મોટાં મંદિરો- ધર્મસ્થાનકો બનાવવાનો રીતસરનો ધંધો જ ફાલી ફૂલી રહ્યો હોય એવું નથી લાગતું? સરકારે મહારાજશ્રી વિશેના તબીબી અહેવાલને માન્ય કર્યો છે પરંતુ ભક્તો તેમજ આશ્રમના અંતેવાસીઓ એમનો કબજો છોડવા તૈયાર નથી. આશુતોષ મહારાજનો સાંસારિક પરિવાર એમના મૃતદેહના અંતિમ સંસ્કાર એમના વતનમાં કરવામાં આવે એમ ઈચ્છે છે. પરંતુ આવડી મોટી આધ્યાત્મિક પ્રતિષ્ઠા અને દેશ વિદેશમાં હજારો કરોડની સંપત્તિ ધરાવનારા મહાત્માના નામે ધર્મનો વેપલો કરવા માગતા એમનાં ચેલા-ચેલીઓ હવે એમના શરીર ઉપરનો હક્ક થોડો જતો કરશે? હાથી જીવતો લાખનો, અને મરેલો સવા લાખનો- એ ન્યાયે આશુતોષ મહારાજને હવે એ બધા 'ભગવાન' બનાવીને સમાધિ આપશે જ્યાં આગામી વર્ષો દરમિયાન શિરડી સાંઈની સમાધિની જેમ ચમત્કારોની ચર્ચાઓ ચાલતી રહેશે અને ભલાભોળા શ્રદ્ધાળુઓ એમની બધા-આખડી-માનતાઓ રાખી કરોડો લૂંટાવતા રહેશે.

સેવાભાવી નાગરિકોને ધરતીરત્ન એવોર્ડ એનાયત

સેવાકર્મી ધરતી રત્નો નિ:સહાયની ભાગીદાર બની સમાજનું આદર્શ બની રહ્યાં છે : ડો. શ્રીમતી કમલાજી

અમદાવાદ, તા. ૯

માનવ સેવાના ઉદાત સેવા-કાર્યને જેમણે જીવનમાં વણી લીધું છે તેવા ધરતી રત્નોને રાજ્યપાલ ડૉ. શ્રીમતી કમલાજીના વરદ્ હસ્તે ધરતીરત્ન એવોર્ડ અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આશીર્વાદ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા માનવસેવાને સમર્પિત લોક સેવકોને અભિનંદન પાઠવતા તેમણે કહ્યું હતું કે, સમાજના નિર્ધન અને વંચિત લોકના દુઃખ દર્દમાં ભાગીદાર બની સમાજમાં આદર્શ બની રહ્યા છે. આ સંસ્થા પ્રતિવર્ષ આવી વ્યક્તિઓનું સન્માન કરી સમાજના અન્ય લોકોને પણ માનવતાવાદી સેવા માટે પ્રેરણારૂપ બની રહે છે.

માનવ સેવાના કાર્યોને સતત પ્રેરણા પ્રદાન કરનારા મહાત્મા ગાંધીજી, પૂજ્ય રવિશંકર મહારાજ, શ્રી ઠક્કરબાપા જેવી મહાન વ્યક્તિઓએ સમાજને માનવસેવાના અતૂટ બંધનથી જોડી રાખવાનું કાર્ય કર્યું છે અને એટલે જ આજે ગુજરાતમાં આવી સમાજસેવી સંસ્થાઓ ઘણા સમયથી માનવસેવાના કાર્યોમાં સક્રિયપણે માનવતાવાદી ભૂમિકા નિભાવી રહી છે તેમ જણાવી ધન્યવાદ પાઠવ્યા હતા.

ડૉ. કમલાજીએ સેવાને સમર્પિત વ્યક્તિઓનું સન્માન કરી તેઓનો ઉત્સાહ અને આત્મબળ વધારતા જણાવ્યું હતું કે, આવી વ્યક્તિઓએ તેમના જીવનકાળ દરમિયાન અનેક સેવા કાર્યોથી નિઃસહાય પરિવારોના જીવનને જીવંત રાખવાનું ઉમદા કાર્ય કર્યું છે. સમાજ-કાર્ય, સેવા-સમર્પણ માટેના આવા સત્કાર્યો કરવા માટે તેઓને અભિનંદન પાઠવ્યા હતા.

આશીર્વાદ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા માનવસેવા ક્ષેત્રે ઉત્કૃષ્ટ સેવા પ્રદાન કરનારા ડૉ. એચ.એલ.ત્રિવેદી, ગોવિંદભાઈ પટેલ, પ્રફુલ્લકુમાર વ્યાસ, ડૉ. દક્ષાબેન પટેલ, ભરતકુમાર પટેલ, ધર્મેશભાઈ પટેલ, ચંપાબેન પટેલ, ડી.એમ. દવે તથા ઉપેન્દ્રભાઈ પટેલ અને દિનેશચંદ્ર પટેલ, સંજય ભાવસાર અને તુલા પટેલ તથા યોગેશભાઈ રાવલ, અંબરીષભાઈ ત્રિપાઠી મળી કુલ-૧૩ સેવા કર્મીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે આશીર્વાદ એજ્યુકેશન ટ્રસ્ટના પ્રમુખ શ્રી આર.એસ. પટેલ, ડૉ. ચંદ્રકાન્ત મહેતા, પૂર્વ જસ્ટીસ શ્રી કમલભાઈ મહેતા, શ્રી પિયુષભાઈ દેસાઈ, શ્રી કે.એમ. પટેલ સહિત અગ્રણીઓ, દાતાઓ અને નગરજનો ઉપસ્થિત રહ્યાં હતા.

ગુજરાત યુનિવર્સિટી માટે ઉપકુલપતિ પદ માટે ૩૫ નામ

અમદાવાદ,તા.૯

ગુજરાત યુનિવર્સિટી માટે ફુલટાઈમ વાઈસ ચાન્સલર શોધી કાઢવા માટે રચવામાં આવેલી સર્ચ કમીટીને હજુસુધી માત્ર ૩૫ અરજીઓ મળી હોવાનું જાણવા મળ્યુ છે. આ કમિટિની બીજી બેઠક હવે આ મહિનામાં મોડેથી મળે તેવી શક્યતા છે જેમાં ઉમેદવારોની ટૂંકી યાદી તૈયાર કરવામાં આવશે અથવા તો અન્ય ઘણી બધી અરજીઓના સંદર્ભમાં ચર્ચા વિચારણા કરવામાં આવશે. ત્રણ સભ્યોની કમિટિએ દેશમાં તમામ

યુનિવર્સિટીઓને ૨૦૦ પત્રો મોકલીને આ હોદ્દા માટે યોગ્ય શિક્ષણ શાસ્ત્રીના નામ સૂચવવા માટે અપીલ કરી હતી જો કે બાયોડેટા મળવા માટેની છેલ્લી તારીક પરિપૂર્ણ થઈ ચુકી છે ત્યારે ત્રણ સભ્યોની સર્ચ કમિટિને માત્ર ૩૫ અરજીઓ જ હાથ લાગી છે જેપૈકીની મોટા ભાગની અરજીઓ જીયુ સ્ટાફ તરફથી છે. ગુજરાત યુનિવર્સિટી સ્ટાફ તરફથી જ વધારે અરજીઓ કરવામાં આવી છે. ગુજરાત યુનિવર્સિટી માટે વાઈસ ચાન્સલરના હોદ્દા માટે બહારના શિક્ષણ શાસ્ત્રીઓ રસ દર્શાવ રહ્યા નથી. ડિસેમ્બર મહિનામાં કમિટિની પ્રથમ બેઠક યોજાઈ હતી. રાજ્યપાલ કમલાએ રસાયણ શાસ્ત્ર વિભાગના પ્રોફેસર અનામિક શાહની નિમણૂંક કરી હતી. ત્રણ સભ્યોની સર્ચ પેનલના ચેરમેન તરીકે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના શાહની નિમણૂંક કરાઈ હતી. અગાઉ એકેડેમિક અને એક્ઝીક્યુટીવ કાઉન્સિલો દ્વારા કમિટિના ત્રણ સભ્યો પૈકીના એક તરીકે એમએસ યુનિવર્સિટીના યોગેશ સિંહની વીસીની નિમણૂંક કરી હતી. સર્ચ પેનલને ખૂબ ઓછી અરજીઓ મળતા ચિંતાનું મોજુ ફરી વળ્યુ છે. આવનાર દિવસોમાં આને લઈને રણનીતિ પર ચર્ચા કરવાની શક્યાત છે. સર્ચ પેનલને ગુજરાત યુનિવર્સિટીના વીસીના હોદ્દા માટે વધુ પ્રમાણમાં ઉમેદવારો મળી રહ્યા નથી.

પશ્ચિમોત્તર ક્ષેત્રમાં માવઠા-હિમ પડવાના યોગ

આગામી દિવસોમાં હજુ ઠંડી વધવાની આગાહી કરતા જાણીતા હવામાન શાસ્ત્રી અંબારામ દા. પટેલે જણાવ્યું હતું કે, વિતેલા વર્ષોમાં જાન્યુઆરી-ફેબ્રુઆરી માસમાં ન્યુયનતમ તાપમાનમાં ઘણો ઘટાડો જોવા મળેલ હતો. ઈ.સ. ૨૦૧૪ના શિયાળુ ઋતુ અંગે જોતાં સામાન્યતઃ બેવડી ઋતુનો અહેસાસ રાજયના વિવિધ ભાગોમાં જોવા મળેલ છે. સામાન્યતઃ શિયાળામાં થતા હવામાનના પલ્ટા અંગે પશ્ચિમી વિક્ષેપની અસરો થતી હોય છે. દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં આ વખતે ભારે હિમવર્ષા થવા છતાં લઘુત્તમ ઉષ્ણતામાન અતિ નીચું જવા અંગે ગુજરાત-કચ્છ, સૌરાષ્ટ્રના ભાગોમાં તેની ઝાઝી અસર અનુભવાઈ નથી. ઉલટાનું કયારેક ન્યુનતમ તાપમાનમાં ઘણો ઘટાડો જોવા મળેલ છતાં ન્યુનચતમ તાપમાનમાં ઓચિંતા વધારા થવાના અણસાર હતા અને વાદળછાયુ માવઠાની સ્થિતિ જોવા મળતાં પવન ફૂંકાતા ઠંડીનો અહેસાસ થયો હતો. સામાન્યતઃ શિયાળામાં જયારે ઉત્તર અરબી સમુદ્રમાં પશ્ચિમ તરફ બનતા શિયાળુ ફરક્કાં પૂર્વ કે ઈશાન તરફ વળે છે ત્યારે ગુજરાતમાં માવઠા થતા હોય છે. દરિયા પર જમા થયેલ વાદળો ભારતીય ઉપખંડમાં ઉત્તર પશ્ચિમ હિમાલયથી શરુ કરીને ગુજરાત સુધી પહોંચતા કમોસમી વરસાદ વરસાવે છે. આ વખતે દેશના પશ્ચિમ ક્ષેત્રમાં થતા અણધાર્યા પરિવર્તનની અસરો વર્તાઈ રહી છે. લઘુત્તમ તાપમાન હમણાં આગામી એકાદ બે દિવસમાં ઉત્તર ગુજરાત સૌરાષ્ટ્રના ભાગોમાં ૧૦ ડિગ્રી સેન્ટ્રીગ્રેડથી પણ નીચું જવાની વકી રહે જયારે ઉચ્ચતમ તાપમાન ૨૯ ડિગ્રી સેલ્સિયસથી નીચે જવાની વકી રહે. કચ્છ-ઉત્તર ગુજરાત સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં પાછલી રાત્રીમાં ઝાકળ હિમની અસર વર્તાય. જેની અસર ઉભા કૃષિ મોલમાં જણાય. ભૂ-ભૌગોલિક કારણો તેમજ ગ્રહ યોગોથી જોતાં હજુ પણ ફેબ્રુઆરી તા. ૧૨ થી ૨૦માં દેશના ઉત્તરીય પર્વતીય ભાગોમાં હિમવર્ષાની વકી રહે અને પવનોના લીધે વૃક્ષો પર પણ તેની અસર જણાય. કેટલાક ભાગોમાં ઠંડકનો વરસાદ પણ થવાની વકી રહે.

ગાંધીનગરમાં શ્રીમદ ભાગવત કથાનું આયોજન

હરિદ્વારના ચિન્મયાનંદ બાપુની વ્યાસપીઠે ધર્મપ્રેમી શ્રોતાઓને કથાનું રસપાન કરવાની તક : આસ્થા ચેનલ પરથી લાઈવ પ્રસારણ થશે

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગરમાં ધાર્મિક જનતાને શ્રીમદ્ ભાગવત કથાનું રસપાન કરાવવા હરિદ્વારના વિશ્વ કલ્યાણ મિશન ટ્રસ્ટ દ્વારા યુવાન કથાકાર ચિન્મયનંદ બાપુની વ્યાસપીઠે સે. ૧૧ના રામકથા મેદાનમાં કથાનું આયોજન કરેલ છે. આ કથા તા. ૧૩મી ફેબ્રુઆરીથી ૧૯મી ફેબ્રુઆરી દરમ્યાન બપોરે ૩.૦૦ વાગ્યાથી સાંજના ૬.૩૦ વાગ્યા દરમ્યાન યોજાશે.

હરિદ્વારના વિશ્વ કલ્યાણ મિશન ટ્રસ્ટ દ્વારા આયોજિત આ કથામાં ધોરાજીવાળા કાંતીભાઈ સુદાણી મુખ્ય યજમાન બન્યા છે. આ કથા માટે સે. ૧૧માં આવેલ રામકથા મેદાનમાં વિશાળ મંડપ અને બાકીની તૈયારીઓ જોશભેર ચાલી રહી છે. શ્રીમદ ભાગવત કથાએ હંમેશા ધર્મપ્રેમી શ્રોતાઓને આકર્ષ્યા છે. તેમાં આ કથામાં હરિદ્વારથી યુવાન કથાકાર અને રાષ્ટ્રીય સંત ચિન્મયાનંદ બાપુ તેમની અનોખી શૈલીમાં શ્રોતાઓને રસતરબોળ કરશે. આ કથાનું આસ્થા ટીવી ચેનલ દ્વારા લાઈવ પ્રસારણ પણ કરવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉ આ મેદાન પર મોરારીબાપુ દ્વારા રામકથા કહેવાઈ હતી જેનો લાખો શ્રોતાઓએ લ્હાવો લીધો હતો. ત્યારથી આ મેદાન રામકથા મેદાન તરીકે પ્રસિદ્ધિ પામ્યુ છે. હવે આજ મેદાનમાં ભાગવત સ્થાન પણ આયોજન કરવામાં આવ્યું છે. તારીખ ૧૩મી ફેબ્રુઆરીથી પ્રારંભ થનાર આ કથા એક સમાહ ચાલશે અને તા. ૧૯મી ફેબ્રુઆરીએ વિરામ પામશે. આ કથામાં પણ મોટો માનવ મહેરામણ ઉમટવાની પુરેપુરી વકી છે.

ગણિત વિષય વિદ્યાર્થીઓને હંમેશા ડરાવે છે. પરંતુ હવે ગણિત પ્રત્યે રૂચિ કેળવાય તેવી સ્પર્ધાઓ યોજાવા લાગી છે. ગોઝારિયાની આદર્શ પ્રાથમિક કન્યા શાળામાં ધોરણ-૪ના ચાલીસ બાળકોએ ગણિત વિષયક પ્રશ્નોત્તરી સ્પર્ધામાં ભાગ લીધો હતો અને ગણિતને સમજવાનો પ્રયાસ કર્યો હતો. આ સ્પર્ધામાં વિજેતાઓને શાળા સંચાલકો દ્વારા ઈનામો આપીને પ્રોત્સાહિત કરાયા હતા.

ડોમેસ્ટીક વાયોલન્સ એકટ એ લાંબા સમયની મહિલા સંસ્થાઓની ઝુંબેશ અને પ્રતિક્ષા બાદ ૨૦૦૫થી અસ્તિત્વમાં આવ્યો છે પરંતુ સવાલ એ છે કે કાયદાનો હેતુ અને ઉદ્દેશ એ દરેક મહિલા સુધી પહોંચી શકયો ખરાં?

મહિલા સમાજ અને કાયદો
અંક-30
ડો. ભાવના કે. જોશીપુરા

કોઈપણ નવો કાયદો જયારે અમલમાં આવે છે ત્યારે કાયદામાં પ્રચાર અને પ્રસારની ખૂબ જ આવશ્યકતા રહે છે. ડોમેસ્ટીક વાયોલન્સ એકટ એ લાંબા સમયની મહિલા સંસ્થાઓની ઝુંબેશ અને પ્રતિક્ષા બાદ ૨૦૦૫થી અસ્તિત્વમાં આવ્યો છે પરંતુ સવાલ એ છે કે કાયદાનો હેતુ અને ઉદ્દેશ એ દરેક મહિલા સુધી પહોંચી શકયો ખરાં?

ગત અંકમાં આપણે સેવા પૂરી પાડનાર અને રક્ષણ અધિકારીએ બંને સાથે મળીને હિંસાનો ભોગ બનનાર સ્ત્રીને કઈ રીતે મદદરૂપ થઈ શકે તે બાબતે ચર્ચા કરી રહ્યા હતા. ખાસ કરીને સેવા પુરી પાડનારને પણ સેવા પુરી પાડવા સંદર્ભનો દરજ્જો તાજેતરના વર્ષોમાં જ પ્રાપ્ત થયો છે જયારે રાષ્ટ્રીય કક્ષાએ મહિલાઓના વિશાળ જૂથને મળવાનું થાય ત્યારે આ કાયદા અંગેની ચર્ચા ખાસ કરીને જોવા મળે છે એટલું જ નહીં રાષ્ટ્રભરમાંથી જયારે સ્વૈચ્છિક સંસ્થાના પ્રતિનિધિઓ ભાગ લઈ રહ્યા હોય તેવા ફોરમમાં પણ દરેક પ્રતિનિધિને પોતે એક વ્યક્તિ તરીકે પણ હિંસાનો ભોગ બનનાર સ્ત્રીને મદદરૂપ થવા તૈયાર હોય છે તેવી તત્પરતા જોવા મળે છે. આ પ્રકારે સ્વૈચ્છીક સેવા પૂરી પાડનાર પણ કાનૂની રીતે સેવા પૂરી પાડવા તૈયાર છે, સવાલ છે કાયદા અંગેની સાક્ષરતાનો.

નવા અમલમાં આવનાર કાયદા અંગે લોક જાગૃતિ કેળવાય તે હેતુ પણ કાયદામાં જ જોગવાઈ કરવામાં આવેલ છે. ડોમેસ્ટીક વાયોલન્સ એકટની કલમ અંતર્ગત પણ કેન્દ્ર અને રાજયની ફરજો અંતર્ગત કાયદાના પ્રચાર અને પ્રસાર માટે પણ જોગવાઈ કરવામાં આવી છે. આવી જોગવાઈનો હેતુ પણ સ્વયં સ્પષ્ટ છે. આપણે આ હેતુ સમજતા પહેલાં ગત અંકની જે કલમ-૧૦ની ચર્ચા કરી તે કલમને વિગતવાર સમજીએ.

કલમ-૧૦નું વિવરણ : આ કલમમમાં સેવા પૂરી પાડનાર સંસ્થાઓના રજીસ્ટ્રેશન અંગેની જોગવાઈ છે. એવી કોઈપણ સ્વૈચ્છીક સંસ્થા કે જેનું સોસાયટી રજીસ્ટ્રેશન એકટ ૧૮૬૦ નીચે તેમજ કોઈ કંપની કે જેનું કંપનીઝ એકટ, ૧૯૫૬ નીચે નોંધણી થયેલ હોય અથવા એવી કોઈપણ સંસ્થા કે જે તે સમયે સ્ત્રીઓના હક-હિત માટે અમુક મર્યાદિત સમય માટે અસ્તિત્વમાં આવેલ કાયદા નીચે નોંધણી થયેલ હોય કે જેમાં કાનૂન, તબીબ, નાણાંકીય સહાય આપેલી હોય તેવી સંસ્થાઓ આ કાયદા નીચે રાજય સરકારે ઘડેલા નિયમોને આધીન રહીને નોંધણી કરાવી શકશે. આ કલમમાં સેવા પૂરી પાડનાર સંસ્થાની સત્તાઓ વિશે જોગવાઈ છે, જેમ કે ઘરેલું હિંસા બનાવનો રેકોર્ડ રાખવો, ભોગ બનનાર સ્ત્રીની તબીબી તપાસ કરવી તેમજ તેણીને આશ્રય સ્થાન પુરું પાડવું. આ કલમ આ કાયદા નીચે કાર્યરત સંસ્થા સભ્યો કે જેઓ પોતાના સ્થાપિત સતાને આધીન રહીને શુભનિષ્ઠથી કાયદાના હેતુને બર લાવવા પોતાની ફરજો અદા કરે તેને કાયદાકીય રક્ષણ પ્રદાન થયેલ છે કે તેની સામે કોઈ કાયદેસરની કાર્યવાહી દાવો કરી શકશે નહીં.

કાયદાના અસરકારક અમલીકરણ માટે વૈધાનીક રીતે નોંધાયેલ સ્વૈચ્છીક સંગઠનાઓ યોગદાન આપે તથા તેમની સેવાઓ લેવાઅર્થે આ કાયદામાં જ જોગવાઈ કરી દેવામાં આવી છે એવું લાગે છે કે ખાસ કરીને મહિલા કલ્યાણ તેમજ સમાજ કલ્યાણના ક્ષેત્રે કાર્યરત પરંતુ માળખાગત સુવિધાઓની સાથે વિશ્વનીયતા ધરાવનાર સંગઠનોને અત્રે આ કાયદાની કલમના વ્યાપમાં આવરી લેવામાં આવેલ છે. અલબત આ પ્રકારની કામગીરી અર્થે કેટલીક પૂર્વ શરતો પણ રાખવામાં આવેલ છે અને આ પ્રકારની પૂર્વ શરત સંસ્થાની સદ્ધરતા સંબંધમાં છે.

આ પ્રકારની સંસ્થાઓ નિર્દિષ્ઠ કાનૂન વ્યવસ્થા અંતર્ગત નોંધાયેલી હોય તેટલું પૂરતું નથી પરંતુ રાજય સરકાર પાસે નોંધણી અર્થેનો વિકલ્પ ખુલ્લો અપાયેલો છે. અલબત કોઈપણ પ્રકારે આ પ્રકારની સંસ્થા કાયદાની મર્યાદામાં કોઈ કામગીરી કરે તો તેની સામે તેને સતાવાર રીતે કાનૂની રક્ષણ માટે પણ પ્રયોગનાએ મહત્વની બાબત છે.

અનેક સંસ્થાઓ કાયદાની સાક્ષરતા માટેનું કામ કરી રહી છે. ખાસ કરીને અતીશય મુશ્કેલીમાં મુકાયેલી કોઈપણ સ્ત્રીને એક સંસ્થા મદદરૂપ થવા ચાહે છે. પરંતુ આ સંસ્થાને પણ કાયદાના માધ્યમથી જો સક્ષમ બનાવવામાં આવે તો જ કાનૂની સાક્ષરતાનો હેતુ છે તે સિદ્ધ થઈ શકે. અત્રે એ ખાસ ઉલ્લેખ કરું કે દરેક તાલુકાથી લઈ જિલ્લા કોર્ટ સુધી અને રાજયથી લઈ કેન્દ્ર સુધીની તમામ અદાલતોમાં પણ તાલુકા કક્ષાએ તાલુકા કાનૂની સમિતિ, જિલ્લા કક્ષાએ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, રાજય કક્ષાએ સ્ટેટ લેવલ ઓથોરીટી એટલે કે સતા મંડળો અને રાષ્ટ્રીય કક્ષાએ પણ 'નેશનલ લીગલ એઈડ સર્વીસ ઓથોરીટી' અસ્તિત્વમાં છે, આ તમામ સમિતિઓ અને સતામંડળો દ્વારા પણ કાનૂની સાક્ષરતા અભિયાન હાથ ધરવામાં આવે છે. આ પ્રકારના કાનૂની સાક્ષરતા અભ્યાનમાં પણ સ્વૈચ્છિક સંસ્થાઓને સામેલ કરવામાં આવે છે.

ડોમેસ્ટીક વાયોલન્સ એકટની કલમ-૧૧માં પણ સરકાર રાજયની હોય કે કેન્દ્રની તે આ સંદર્ભમાં કઈ કઈ કાર્યવાહી કરશે તે સંદર્ભે જોગવાઈ કરવામાં આવેલી છે જે નીચે મુજબ છે.

કલમ-૧૧માં રાજય સરકાર તેમજ કેન્દ્ર સરકાર નીચે મુજબના બધા પગલાં લઈ શકે છે.

(૧) નિયમિત સમયાંતરે આ કાયદાની જોગવાઈઓનો જાહેર પ્રસાર- પ્રચાર માધ્યમો જેવા કે ટીવી, રેડિયો, વર્તમાનપત્રો દ્વારા બહોળા પ્રમાણમાં પ્રસિદ્ધિ કરવી.

(૨) આ કાયદા અંતર્ગતની બાબતોની કેન્દ્ર સરકાર તેમજ રાજય સરકારના ઓફિસરોને સમયાંતરે જાગૃત, માહિતગાર કરવા ટ્રેઈનીંગ (તાલીમ) આપવી.

(૩) સંબંધિત ખાતા તેમજ વિભાગો કે જેઓ કાયદા, ગૃહસંબંધીત બાબતો, કાયદા પાલન, સ્વાસ્થ્ય, માનવ સંશોધન વચ્ચે ઘરેલું હિસા સંબંધે અસરકારક સંકલન થાય અને સમયાંતરે તેનુ પુનઃ વિચારણા, પુનઃઅવલોકન થાય.

(૪) સ્ત્રીઓને સેવા આપવા સંબંધીત ખાતા, વિભાગો તેમજ કોર્ટમાં આ કાયદા અંતર્ગત પ્રોટોકોલ જળવાય, પાલન થાય તેનું ધ્યાન રાખવું.

કલમનું વિવરણઃ આ કલમમાં રાજય સરકાર તેમજ કેન્દ્ર સરકારની ફરજોની જોગવાઈ કરવામાં આવી છે. આ કલમમાં આ કાયદાની જોગવાઈઓની પ્રસાર- પ્રચાર માધ્યમો દ્વારા બહોળા પ્રમાણમાં પ્રસિદ્ધિ કરવી તેમજ સંબંધિત ખાતા તેમજ વિભાગો કે જેઓ કાયદો, સ્વાસ્થ્ય, માનવ સંસાધન વગેરે બાબતો સાથે સંકળાયેલ હોય તેવા ખાતા વિભાગો વચ્ચે અસરકારક સંકલન આ ઘરેલું હિંસા સંદર્ભે થાય અને તેનું સમયાંતરે પુનઃ વિચારણા થાય તેમજ સંબંધિત ખાતા, વિભાગો દ્વારા સ્ત્રીઓને સેવા પૂરી પાડવા સંદર્ભે પ્રોટોકોલ જળવાય તે અંગે જોગવાઈ કરવામાં આવી છે.

આપણે કલમો સમજયા પરંતુ આપણે ખાસ ઉદાહરણો સાથે આ કલમો સમજી રહ્યા છીએ. આપણે ગત અંકની ચર્ચા નેહા બાબતે, તેના પ્રશ્નો સંદર્ભે સ્વૈચ્છીક સંસ્થાના પ્રતિનિધએ હકારાત્મક ભૂમિકા કઈ રીતે ભજવી તે બાબત તેમજ બીજા ઉદાહરણો સાથે મળીએ આવતે અંકે...